# એમક્યોર ફાર્માનું સાણંદ એકમમાં ₹400 કરોડનું રોકાણ

» કંપનીનો એકમ યુએસએફડીએ એપ્રુવ, નવી વેક્સિનનું ઉત્પાદન કરશે

**નવગુજરાત સમય** > અમદાવાદ

એમક્યોર ફાર્માસ્યુટીકલ્સ લિ.એ સાણંદ એકમમાં ₹400 કરોડનું રોકાણ કર્યું છે અને આ એકમ યુએસએફડીએ એપ્રુવ છે. આ ઉપરાંત ગુજરાતમાં વધુ બે એકમ મળીને કંપની દેશભરમાં કુલ 14 એકમ ધરાવે છે. કંપનીએ ગુજરાત સ્થિત ત્રણ એકમમાં લગભગ ₹500 કરોડનું રોકાણ કર્યું છે. કંપનીએ સાણંદ એકમમાં વિસ્તરણની સાથે વધુ પ્રકારના રોગ માટે વેક્સિનનું ઉત્પાદન કરવાની યોજના ધરાવે છે. આ પ્લાન્ટ વર્ષે 7 કરોડ શીશીઓના ઉત્પાદનની ક્ષમતા ધરાવે છે એમ કંપનીના એમડી અને સીઈઓ સતીષ મહેતાએ જણાવ્યું હતું.

કંપનીનું માર્ચ 2021ને અંતે વૈશ્વિક મળીને કુલ ટર્નઓવર ₹5,039 કરોડનું થયું હતુ જે આગલા વર્ષે ₹4,017 કરોડ હતું. કંપનીના કરવેરા પછીનો નફામાં 11 ટકાની વૃદ્ધિ નોંધાઈ હોવાનું જણાવીને તેઓએ ઉમેર્યું હતું કે, કંપની ભાવિ ગ્રોથ માટે વર્તમાન બ્રાન્ડને વધુ મોટી કરવી, હસ્તાંતરણ યોજના અમલી કરવી, આંતરરાષ્ટ્રીય કંપનીઓ સાથે સહયોગ કરીને નવી દવા લાવવી, વેક્સિનના ઉત્પાદન પર ભાર મૂકવો વગેરે પર ભાર મૂકી રહી છે.

કંપનીના કુલ કામકાજમાં 50 ટકા નિકાસનો હિસ્સો રહ્યો છે જેમાં 13 ટકા કેનેડા, 15 ટકા યુરોપ અને 22 ટકા વિશ્વના બીજા દેશોનો સમાવેશ થાય છે. કંપનીની પેટા કંપની દ્વારા અમેરિકામાં કામગીરી સંભાળવામાં આવે છે અને તેનું કામકાજ ₹1,000 કરોડથી વધુ રહ્યું હોવાનું વધુમાં તેમણે કહ્યું હતું. કંપની ભાવિ રોકાણ યોજનાને પહોંચી વળવા માટે આઈપીઓ લાવવાનો પણ વિકલ્પ ધરાવે છે. કંપનીના કુલ વેચાણમાં આરએન્ડડી પાછળનો ખર્ચ છથી સાત ટકા રહ્યો છે.